હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

મહર્ષિ. તમારે અમારૂ જાણવા વારંવાર પૃથ્વિલોકના ધક્કા ખાવાની જરૂર નથી..તમે અમારૂ સ્ટેટસ મોબાઇલમાં જોઇ લેતા હો તો...!!

માર્ગોની આસપાસ આવેલા વૃક્ષોનુ ટ્રીમીંગ વન વિભાગે શરૂ કર્યુ છે. છેક રસ્તા પર ઝુકી જતા અને વાહનચાલકોને અડચણરૂપ બનતા વૃક્ષોની ડાળીઓને દૂર કરવામાં આવી રહી છે. હાલમાં ગ-રોડ પર આ કામગીરી ચાલી રહી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાંથી આજે મોટી સ્ટેડિયમમાં મેચ જોવા મોટી સંખ્યામાં યુવાનો ગયા હતા.

● ગાંધીનગર શહેર - જિલ્લામાં આઈ.પી.એલ.નો ફિવર સતત વધી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં આજે નવા વાણિજ્ય એકમોનો પ્રારંભ થયો છે.

● આજે આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

● દહેગામના યુવકને કઠલાલમાં ચાર ઈસમોએ માર માર્યાની ઘટના નોંધાઈ છે.

● કલોલકમાં એક વેપારીને અગાઉના ઝઘડાની અદાવત રાખી બે શખ્સોએ માર માર્યો.

● કલોલ બસ સ્ટેશનમાં બસમાં બેસવા જતાં મુસાફરના ખિસ્સામાંથી મોબાઈલ ફોનની ચોરી ગઢિયાએ કરી.

● રખિયાલ પોલીસે કલ્યાણજીના મુવાડામાંથી ૧ પત્તા પ્રેમીને ઝડપી લીધો છે.

● દહેગામના પીપલજ ગામ નજીક ઈન્દિરા નગરમાં બે શખ્સોએ પૈસાની લેવડ-દેવડ બાબતે યુવાન અને તેના ભાઈ પર લોખંડના સળિયાથી હુમલો કર્યો હોવાની ઘટના નોંધી.

● કલોલમાં બાઈક ચોરીનું પ્રમાણ વધતાં લોકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

● માણસા નજીક વાસણ ગામના પાટિયા પાસે આઈપીએલ મેચર પર સટ્ટો રમાડનાર ઈસમને પોલીસે ઝડપી લીધો છે.

● ગાંધીનગરના સુઘડ ગામે ઘર આગળ કચરો નાખવા બાબતે મહિલા પર હુમલાને લઈ પોલીસ ફરિયાદ દાખલ થઈ.

● માણસાના રિંદ્રોલ ગામે ખેતરની ઓરડીના ડબ્બામાં મુકેલ મોબાઈલની ચોરીની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે.

● ચિલોડા જંકશન પાસે અભિલાષા ફાઉન્ડેશન દ્વારા મિનરલ પાણીની પરબ શરૂ થઈ.

● ગાંધીનગર શહેરમાં જાહેરમાં મુકાયેલી કચરા પેટીઓ ગંદકીથી ઉભરાઈ રહી છે.

● ગાંધીનગર શહેરમાં ઉંદરોનો ત્રાસ વધી જતાં ગૃહિણીઓ ત્રાહિમામ પોકારી ઉઠી છે.

● શહેરમાં ઘઉં અને અન્ય વસ્તુઓની ખરીદીનો માહોલ જામ્યો.

● શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના વિકાસ પામેલા વિસ્તારોમાં ટ્રાફિક નિયમન પોઈન્ટ નક્કી કરવા આવે તેવી માંગ ઉઠવા પામી છે.

અડાલજ પાસેથી ૧૧ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર અડાલજ રોયલ રેસીડેન્સી પાછળ આવેલ ટીપી રોડ પાસેથી વિદેશી દારૂની રૂ.૩૮૩૯ ની ૧૧ બોટલ પકડી પાડી બુટલેગરને પણ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાલાપીર સર્કલ આવતા ખાનગી રાહે બાતમી મળી હતી કે રોયલ રેસીડેન્સી પાછળ આવેલ ટીપી રોડ થી અડાલજ ગામ તરફ જવાના રસ્તે એક શખ્સ સફેદ થેલામાં વિદેશી દારૂની બોટલો લઈને જવાનો છે. જેથી પોલીસ વોચમાં ગોઠવાઈ ગઈ હતી તે સમયે અડાલજ ગામ તરફથી એક શખ્સ દેખાતા પોલીસે તેને રોકી તેનુ નામ પુછતા તેણે જીતુ દશરથ દંતાણી (ઉં.૨૨ આંબલીવાળો વાસ અડાલજ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે થેલો ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની ૧૧ બોટલ મળી આવી હતી. પોલીસે શખસ પાસે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે રૂ.૩૮૩૯ પોલીસે ૧૧ બોટલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સરગાસણ હાઈપ કેફે એન્ડ રેસ્ટોરન્ટમાંથી હુક્કાબાર ઝડપાયું

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાંથી હાઈપ કેફે એન્ડ રેસ્ટોરન્ટમાંથી હુક્કાબાર ઝડપાયું છે. ઈન્ફોસીટી પોલીસે હાઈફ કેફે પર દરોડો પાડી વિવિધ હુક્કા, મોબાઈલ નંગ-૧, અલગ અલગ ફલેવરના પેકેટ, હુક્કા ચિલમ, હુક્કાની પાઈપ, ઝારો ચીપીયો કોલસા મળી કુલ રૂ.૧૩,૫૯૦ ના મુદ્દામાલ સાથે મેનેજર સહિત ચાર યુવકોને પકડી પાડ્યા છે.જયારે હોટલનો માલિક પોલીસ સંકજાથી દુર રહેવા પામ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ કામેશ્વર સ્કુલની નજીક હાઈપ કેફેબારમાં હુક્કાબાર ચાલુ છે તેવો કંટ્રોલરૂમ ખાતે વાયલલેસ મેસેજ મળતા ઈન્ફોસીટી પોલીસે રેઈડ પાડી હતી. લાકડાના ગેટવાળા કેફેમાં પ્રવેશતા જ કેટલાક યુવક-યુવતિઓ બેઠા હતા. જયારે કાઉન્ટર ટેબલ પર એક શખ્સ હાજર હતો. પોલીસે તેનુ નામ પુછતા તેણે અમિત ચૌહાણ હોવાનું અને મેનેજર તરીકે કામ કરતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે કોર્પોરેશનનું હેલ્થ લાઈસન્સ છે કે કેમ તે અંગે પુછપરછ કરતા કોઈપણ જાતના લાયસન્સ વિના હાઈપ કેફે ધમધમતુ હતું.જયારે હુક્કાબારના માલિક યુવરાજસિંહ ઝાલા હોવાનું જાણવા મળ્યુ હતું. જયારે કેફે પરથી વિવિધ હુક્કા ભરી આપવાનું અને ચિલમ ભરી આપીને યુવક યુવતિઓને આપવાનં કામ કરતા કર્મચારીઓને પણ પકડી પાડ્યા હતા. પોલીસે જરુરી કેટલાક ફલેવરના પેકેટમાં નિકોટીન યુકત લાગતા એફએસએલ ખાતે પણ તપાસઅર્થે મોકલી આપ્યા છે. જયારે કાફેમાંથી વિવિધ ચીજવસ્તુઓ કબ્જે કરી કુલ રૂ.૧૩,૫૯૦ નો મુદ્દામાલ સહિત ચાર વ્યકિતને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હુક્કાબારમાંથી ઝડપાયેલા આરોપીઓ

- અમિત પ્રવિણ ચૌહાણ (ઉં.૩૭, રહે.સી-૧૭ સર્વોતમનગર સાબરમતિ અમદાવાદ), હીર બહાદુર પ્રતાપ થાપા (ઉં.૨૦ રહે.હાઈપ કેફે એન્ડ રેસ્ટોરન્ટ સરગાસણ, મુળ રહે ઝારકોટ તા.જી.દહીબેર નેપાળ), પ્રકાશ ભીમબહાદુર નેપાળી (ઉં.૨૪, હાઈપ કેફે સરગાસણ મુળ રહે ઝારકોટ તા.જી.દહીબેર નેપાળ), જયેશ બાબુલાલ મીણા (ઉં.૨૧, રહે.હાઈપ કેફે મુળ રહે રોહનવાળા તા.જી.ડુંગપુર),જયારે હાઈપ કેફેના માલિક યુવરાજસિંહ ઝાલા વોન્ટેડ છે.

હુક્કાબારમાંથી મળી આવેલ ચીજવસ્તુઓ

- મોબાઈલ ફોન નંગ-૧ કિં.-૫૦૦૦, વિવિધ ફલેવરના પેકેટ તેમજ ડબ્બા મળી કિં.૪૮૭૦, હુક્કા નંગ-૧૫ કિં.રૂ.૩ હજાર, ચીલમ સિલ્વર ફોઈલવાળીંગ-૧૦ તેમજ સાદી ચિલમ નંગ-૫, વિવિધ કલરની હુક્કાની પાઈપ નંગ-૧૦, હુકકાના ફિલ્ટરના પ્લાસ્ટીકના પેકેટ-૧૦, એલ્યુમિનિયમ ફોઈલનો વપરાયેલ રોલ એક, લોખંડના કોલસા ઝારવાનો ઝારો, ચિલમમાં કોલસા ભરવાનો ચિપીયો નંગ-૩, કોલસા કિલો-૫ મળી કુલ રૂ.૧૩,૫૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

સરગાસણ રહેતા ડોકટર દંપતિ સાથે રૂ.૧ લાખની છેતરપિંડી

ડોકટર દંપતિની થાઈલેન્ટની ટીકીટ કે હોટલ બુક નહી કરાવી એજન્ટે રૂ.૧ લાખનો ચુનો ચોપડ્યો

ગાંધીનગર, તા.૧૬

સરગાસણ વિસ્તારમાં રહેતા ડોકટર દંપતિ સાથે રૂ.૧.૦૫ લાખની છેતરપિંડી થઈ છે. ડોકટર દંપતિએ એજન્ટને થાઈલેન્ડ ટ્રીપની ટ્રાવેલીંગની ટીકીટ તેમજ હોટલ રીઝર્વેશન પેટે રૂ.૧ લાખ ૫૪ હજાર ચુકવ્યા હતા. તેમ છતા એજન્ટે ટીકીટ તેમજ રીઝર્વેશન નહી કરાવી માત્ર રૂ.૪૯ હજાર પરત કર્યા હતા. જયારે બાકીના રૂ.૧ લાખ ૫ હજાર આજદીન સુધી નહી આપી ડોકટર દંપતિ સાથે છેતરપિંડી આચરતા પોલીસ મથકે ટ્રાવેલીંગ એજન્ટ સામે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ સિધ્ધી વિનાયક બંગ્લોઝ ખાતે પાર્થ અશોકકુમાર જાની પરિવાર સાથે રહે છે અને એચસીજી હોસ્પિટલ ખાતે ન્યુરોસર્જન તરીકે ફરજ બજાવે છે.જયારે તેમના પત્ની પણ ડોકટર છે. ગત તા. ૧૭-૧-૨૩ થી ૨૩-૧-૨૩ સુધી ડોકટર દંપતિને થાઈલેન્ડ ફરવા જવાનું નક્કી થયું હતું. જેથી ઓકટોબર ૨૦૨૨ માં તેઓના મામાનું વડોદરા અલ્કાપુરી ખાતે એકસપ્રેસ કંસલ્ટન્સનું હોવાથી થાઈલેન્ડ ફરવા જવાનું હોવાથી કોઈ પરિચિત ટ્રાવેલ્સ એજન્ટનો સંપર્ક કરવા જણાવ્યું હતું. જેથી તેઓએ કલરફુલ વેકેશન (ઠે નં.૩ દુરાઈ સ્વામી રોડ વડાપલાની ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ પાસે ચેન્નઈ ૬૦૦૦૨૬) ના એજન્ટ અરૂણકુમાર વી મોબાઈલ નંબર આપ્યો હતો. જેથી ડોકટરે મોબાઈલ પર અરૂણકુમારનો સંપર્ક કરી તા.૧૩-૧-૨૩ થી ૨૩-૧-૨૩ સુધી થાઈલેન્ડ ફરવા જવાનું કહ્યું હતું. જેથી અરૂણકુમારે કસ્ટમાઈઝ પેકેટની સમજ આપી રૂ.૧.૫૪ લાખમાં ટ્રાવેલીંગ અને રહેવા જમવાની સગવડ આપવાની વાત કરતા ડોકટર દંપતિને પેકેજ પસંદ આવ્યું હતું. ત્યારબાદ અરૂણકુમારે ડોકટરને તા.૩૧.૧૦.૨૨ ના રોજ રૂ.૬૨ હજાર એરટીકીટના ફોન પે કરવા જણાવ્યું હતું. જેથી ડોકટરે મામાના પરિચિત વિશ્વાસુ હોવાથી ફોન પે દ્વારા રૂ.૬૨ હજાર મોકલી આપ્યા હતા. જયારે પેકેજના બાકીના રૂ.૯૪ હજાર એનઈએફટી મારફતે ટ્રાન્સફર કરવા જણાવતા ડોકટરે તેમના પત્નીના ખાતામાંથી રૂ.૫૦ હજાર તેમજ અન્ય એકાઉન્ટમાંથી ૪૪ હજાર અરૂણકુમારને મોકલી આપ્યા હતા. જયારે ડોકટર ટીકીટ તેમજ હોટલ રીઝર્વેશન માટે જણાવતા અરૂણકુમાર થઈ જશે તેમ જણાવતા હતા.જયારે તા.૧૬-૧-૨૩ ના રોજ અરૂણકુમારનો સંપર્ક કરતા મોબાઈલ બંધ આવતા મામાને જાણ કરી હતી. જેથી તેઓએ અરૂણકુમારનો સંપર્ક કરતા ટીકીટ તેમજ રીઝર્વેશન થયું ન હોવાથી રૂપીયા પરત આપવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ડોકટર દંપતિએ જાતે ટીકીટ અને રીઝર્વેશન કરાવી થાઈલેન્ડની ટ્રીપ પુરી કરી હતી. ત્યારબાદ અરૂણકુમારનો વારંવાર સંપર્ક કરીને રૂપીયા આપવાનું જણાવતા તેઓએ રૂ.૪૯ હજાર પરત આપ્યા છે. જયારે બાકીના રૂ.૧ લાખ ૫ હજાર લેવા માટે અવાર નવાર ફોન કરતા વાયદા કરી રૂપીયા આપવાનું કહે છે. પરંતુ આજદીન સુધી રૂપીયા પરત નહી આપતા ડોકટરે એજન્ટ અરૂણકુમાર સામે સેકટર-૭ પોલીસ મથકે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવી છે.

વાસણ પાટીયા પાસેથી રૂપાલ ગામનો સટ્ટોડીયો ઝડપાયો

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગરના વાસણ ગામાના પાટીયા પાસે વાઘેશ્વરી પાર્લર નજીક મોબાઈલ ફોન પર પંજાબ-લખનઉં મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો રૂપાલ ગામનો સટ્ટોડીયો ઝડપાયો છે. રૂપાલ ગામનો યુવક બેટફલેશ નામની એપ્લીકેશનમાં લોગઈન કરી સટ્ટો રમતો હતો. પોલીસે રૂ.૧૫ હજારનો મોબાઈલ ફોન, તેમજ રોકડા રૂ.૧૩૫૦ મળી કુલ રૂ.૧૬,૩૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે રૂપાલ ગામના નિતિન ઉર્ફે ટીનો અમરતભાઈ પટેલ યુવકને એપ્લીકેશન આપી હોવાનું સામે આવ્યું છે. જેથી પોલીસે બંને સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે વાસણ ગામના પાટીયા પાસે વાઘેશ્વરી પાર્લર નજીક એક શખ્સ હાલમાં ચાલી રહેલી આઈપીએલ ૨૦-૨૦ પંજાબ-લખનઉં મેચ પર મોબાઈલ એપ્લીકેશન હારજીતનો સટ્ટો રમે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પરથી રૂપાલ ગામના વિપુલસિંહ વિક્રમસિંહ ચાવડાને પકડી પાડ્યા હતા. પોલીસે ફોન ચેક કરતા બેટફલેશ ડોટકોમ પરથી બેટ ફેલશએપ્લીકેશન ચાલુ હતી. જેમાં યુઝરનેમ તેમજ આઈડી દ્વારા યુવક પંજાબ-લખનઉં મેચ પર ભાવનું મેનુ ચાલતુ હતું. આઈપીએલની મેચ પર સટ્ટો રમાઈ રહ્યો હતો. આ એપ્લીકેશનમાં રૂ.૨૦ હજારનું બેલેન્સ પણ હતું. જયારે યુવકને નિતિન ઉર્ફે ટીનો અમરતભાઈ પટેલે આપી હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આરોપીને રૂ.૧૬ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. જયારે વધુ એક આરોપી નિતિન ઉર્ફે ટીનો પટેલને પકડવાનો બાકી છે. ત્યારે પોલીસે બંને સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોગ્રેસીવ ફાઈન્ડેશન ઓફ હ્યુમન રાઈટ્સ દ્વારા માનવ અધિકારો અને સામાજિક ન્યાય પર રાષ્ટ્રીય સંમેલન યોજાયુ હતુ. આ સંમેલનમાં મેયર હિતેષ મકવાણાને અમર શહીદ મંગલ પાંડે એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે આ કાર્યક્રમ યોજાયો હતો.

દેશ માટે બલીદાન આપનાર સીઆરપીએફના જવાનોના પરિવારજનો માટે એક અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સીઆરપીએફના જવાનો અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

ન્યુ ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા જનરલ મિટિંગ યોજાઈ

ગાંધીનગર,તા.૧૬

ન્યૂ ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા આયોજિત જનરલ મિટિંગ સંપન્ન થઈ હતી. જેમાં જાહેર માં સમસ્ત ન્યૂ ગાંધીનગર બ્રહ્મસમાજ ની લોકશાહી ઢબે સર્વાનુમતે પ્રમુખ તરીકે વિપુલભાઈ ઠાકર ને બિનહરીફ ચૂંટવામાં આવ્યા હતા. તે ઉપરાંત મેઈન બોડી માં ઉપપ્રમુખ તરીકે સુનિલભાઈ રાવલ, સંગઠનમંત્રી કામેશભાઈ પંડ્યા, સહમંત્રી હિરેનભાઈ રાવલ, તેમજ સત્તાની રુએ વાવોલ, કુડાસણ વગેરે વિસ્તાર નાં પ્રમુખોનો કારોબારી માં સમાવેશ કરેલ છે. યુવાપાંખ માં યુવાપ્રમુખ તરીકે રવિ ત્રિવેદી, યુવામહામંત્રી ભાવેશ ઠાકર, કન્વિનર સ્મિત વ્યાસ, સહકન્વિનર વિરેન આચાર્ય, યુવાઉપપ્રમુખ શ્રીકેત ત્રિવેદી, યુવાસહમંત્રી હાર્દ શુકલ ની બહાલી આપવામાં આવી હતી. મહિલા પાંખ માં મેઈન કારોબારી માં મહિલાપ્રમુખ રેખાબેન રાવલ, મહિલામહામંત્રી મીતાબેન રાવલ, મહિલા સંગઠનમંત્રી જાગૃતિબેન વ્યાસ,તેમજ કારોબારી માં સર્મિષ્ઠાબેન મહેતા, દિપ્તીબેન મહેતા, નિમણૂક કરવામાં આવી હતી. સલાહકાર મંડળ માં ડો. કનૈયાલાલ ઠાકર, રમેશભાઈ પંડ્યા, વિજયભાઈ ઠાકર, યોગેશભાઈ જાની, ભુપેન્દ્રભાઈ જાની, હરીશભાઈ રાવલ વગેરે ની જાહેરાત કરવામાં આવી હતી. કારોબારીનું વિસ્તૃતિકરણ આગામી દિવસો માં મજબૂત સંગઠન કરવા ન્યૂ ગાંધીનગર બ્રહ્મસમાજ નાં પ્રમુખ દ્વારા કરવામાં આવશે તેમ જણાવેલ હતું.

આત્મન ફાઉન્ડેશન દ્વારા ગોજારીયામાં જરૂરિયાતવાળા લાભાર્થીઓને અનાજ કિટનું વિતરણ કરાયું

ગાંધીનગર,તા.૧૬

આત્મન ફાઉન્ડેશન - રેવા ગ્રામ સેવા સંકુલ અને જ્યોતિ આંખની હોસ્પિટલ, વિસનગરના સહયોગથી તાજેતરમાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને અનાજ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રામદેવ પીરનું મંદિર, ગોજારીયા ખાતે ગામના જરૂયિાતમંદ લાભાર્થીઓને ચોખા, તેલ, મગ દાળ, તુવર દાળ વગેરે સાથેની કિટ અર્પણ કરવામાં આવી હતી. પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા, પ્રો. સોમભાઈ પટેલ, દશરથભાઈ કડિયા તેમજ ગામના યુવા મિત્રો આ કાર્યમાં જોડાયા હતા.

શ્રી હડકશા માતાજીના ધામમાં હજારો દેવીપુજકો દર્શનાર્થે ઉમડ્યા

ગાંધીનગર,તા.૧૬

ચૈત્ર વદ. ૧૧ના માસના છેલ્લા રવિવારના રોજ માણસા તાલુકાના કાંઠા શ્રી હડકશા માતાજીના દેવીપુજક સુપ્રસિદ્ધ શ્રધ્ધા ના ધામમાં સમગ્ર ગુજરાતમાંથી દેવી પૂજક ભાવિક ભક્તોજનો કપડવંજ દહેગામ ગાંધીનગર તાલુકાના સમસ્ત દેવી પૂજક બાળકો યુવાનો વડીલો હાથમાં ધજા સાથે માતાજીના ધામે પહોંચવા મોટી સંખ્યામાં દહેગામ ચિલોડા ગાંધીનગર માર્ગ પર પગપાળા થી ચાલી અવિરત માનવ મહેરામણ નો પ્રવાહથી માર્ગ ભરચક ઉભરાયો. ચિલોડા નજીક ભવ્ય માતાજીનો ભંડારો અને રાસ ગરબા ની રમઝટ સાથે સેવા કેન્દ્ર સંગીત સાથે ઠંડા પાણી અને શરબત ના કેન્દ્ર થી સેવા કેન્દ્ર ની સારી સેવા બજાવવા માં આવી શ્રી વિહત યુવક મંડળ દહેગામ દ્વારા ભવ્ય મંડપની સગવડ ઉભી કરવા માં આવી આવતી કાલે અગિયારસ ના દિવસે કાંઠા શ્રી હડકશા માઈના મંદિરે દેવી પૂજક લાખોની સંખ્યામાં મા ના દર્શન કરી માનતા બાધા મનોકામના પૂર્ણ કરી ધન્યતા